# અમદાવાદ એજ્યુકેશન સોસાયટી,

## જાહેર નોટીસ

આથી જણાવીએ છીએ કે : -

૧. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટીઓ, ગવર્નીંગ બોડીના સભ્યો અને કાઉન્સીલના સભ્યોની ચુંટણી માટેનું ઈલેકટોરલ રોલ સોસાયટીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલું છે.

૨. અમદાવાદ એજ્યુકેશન સોસયટીના જે પેટ્રન્સ, વાઈસ પેટ્રન્સ તથા ડોનર, તથા એસોસીએશન તથા સામાન્ય સભ્યોને તેવા ઈલેકટોરલ રોલમાં તેઓનું નામ છે કે કેમ તે અંગે તેઓએ ચકાસણી કરવી હોય તો તેઓ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની ઓફિસ પર બપોરે ૧૨-૦૦ થી ૫-૦૦ ના સમય દરમ્યાન કોઈપણ ચાલુ દિવસે આજ તા.૨૬/૦૪/૨૦૧૯ થી તા.૩૦/૦૪/૨૦૧૯ સુધીના સમયમાં કરી શકે છે.

૩. નોટીસ બોર્ડ પર મુકેલ ઈલેકટોરલ રોલની સામે જે સભ્યોને વાંધાઓ / રજુઆતો કરવી હોય તો તેઓ તેઓના વાંધાઓ લેખિતમાં જરૂરી પુરાવા સાથે તા.૩૦/૦૪/૨૦૧૯ ના રોજ સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં સોસાયટીની ઓફિસે મોકલી શકે છે. સભ્યોએ તેમજ વાંધેદારોએ રજુ કરવાના થતા પુરાવા બાબતની માહિતી દર્શાવતી નોટીસ સોસાયટીના નોટીસ બોર્ડ પર અલગથી મુકવામાં આવેલી છે.

૪. ઉપર જણાવ્યા મુજબ તૈયાર કરવામાં આવેલું સુધારા-વધારા સાથેનું આખરી ઈલેકટોરલ રોલ તા.૦૨/૦૫/૨૦૧૯ ના રોજ નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે અને તે ચુંટણી માટે છેવટનું ગણાશે.

૫ આપણી સોસાયટીના બંધારણ મુજબ નીચેની જગ્યાઓ માટે ચુંટણી કરવામાં આવશે.

(૧) ત્રણ ટ્રસ્ટીઓની ચુંટણી કરવામાં આવશે.

(૨) ગવર્નીંગ બોડીના આઠ સભ્યોની ચુંટણી નીચે મુજબની વિગતે કરવામાં આવશે.

(એ) સોસાયટીના લાઈફ મેમ્બર્સ પૈકી ત્રણ લાઈફ મેમ્બર્સની ગવર્નીંગ બોડીના સભ્યો તરીકે ચુંટણી કરવામાં આવશે.

(બી) એક કેળવણીકાર હોય તેવી વ્યક્તિની ચુંટણી કરવામાં આવશે.

(સી) બાકીના ચાર સભ્યોની ચુંટણી લાઈફ મેમ્બર્સ સિવાયના બીજા સભ્યોમાંથી કરવામાં આવશે.

(૩) કાઉન્સીલ માટે નીચે જણાવ્યા મુજબની વિગતે ચુંટણી કરવામાં આવશે.

(એ) સોસાયટીના લાઈફ મેમ્બર્સ પૈકી પાંચ લાઈફ મેમ્બર્સની કાઉન્સીલના સભ્યો તરીકે ચુંટણી કરવામાં આવશે.

(બી) સોસાયટીના પેટ્રન તથા વાઈસ પેટ્રન તથા ડોનર્સ સભ્યોમાંથી ત્રણ સભ્યોની ચુંટણી કરવામાં આવશે.

(સી) લાઈફ મેમ્બર્સ સિવાયના બીજા સભ્યોમાંથી અગીયાર સભ્યોની ચુંટણી કરવામાં આવશે.

..૨ ...

૬. જે સભ્ય ઉપર જણાવ્યા મુજબની કોઇપણ ચુંટણી માટે ઉમેદવારી કરવા માંગતા હોય તેઓએ ઉમેદવારી માટેનું ફોર્મ સોસાયટીની ઓફીસ ઉપરથી ચાલુ દિવસે સવારે ૧૨-૦૦ થી ૫-૦૦ ના સમય દરમ્યાન તા.૦૭/૦૫/૨૦૧૯ પછી મેળવી લેવાના રહેશે. અને તેવા ઉમેદવારી ફોર્મ તેઓએ સોસાયટીની ઓફીસમાં ચાલુ દિવસે સવારે ૧૨-૦૦ થી ૫-૦૦ ના સમય દરમ્યાન તા.૧૭/૦૫/૨૦૧૯ સુધીમાં રજુ કરવાના રહેશે અને તા.૧૭/૦૫/૨૦૧૯ ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યા પછી કોઇ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. ઉમેદવારી ફોર્મ ભરનાર વ્યક્તિએ તેની સાથે યોગ્ય પુરાવા સાથે તેઓની આઇન્ડેટીટી માટેના ઇલેકશન કાર્ડની ઝેરોક્ષ કોપી અગર ફોટો પાનકાર્ડની ઝેરોક્ષ કોપી અગર ડ્રાઇવીંગ લાઇસન્સની ઝેરોક્ષ કોપી અગર પાસપોર્ટની ઝેરોક્ષ કોપી રજુ કરવાના રહેશે.

૭. તા.૧૭/૦૫/૨૦૧૯ ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યા સુધી જે ઉમેદવારી પત્રો યોગ્ય પુરાવા સાથે આવેલા હોય તેની સ્ક્રુટીની સોસાયટીના પ્રમુખ તે જ દિવસે સાંજે ૫-૩૦ વાગે કરશે. અને તે સમયે જે ઉમેદવારો તથા તેઓના પ્રપોઝરો તથા સેકન્ડરો ને હાજર રહેવું હોય તો તેવા ઉમેદવારો તથા પ્રપોઝરો તથા સેકન્ડરો હાજર રહી શકશે અને તે રીતે હાજર ઉમેદવારો તથા પ્રપોઝરો પત્રોની સ્ક્રુટીની સોસાયટીના પ્રમુખ કરશે તે વખતે તેવા ઉમેદવારો અગર પ્રપોઝરો તથા સેકન્ડરો અંગે પ્રમુખ જે ફોર્મ રદ કરવાનું વિચારતા હોય તે વિરૂધ્ધ તેઓની રજુઆત કરી શકશે. પ્રમુખ તેવી રજુઆત ગણતરીમાં લેશે ત્યારબાદ પ્રમુખ જે નિર્ણય લેશે તે્ છેવટનો ગણાશે. પ્રમુખના નિર્ણય મુજબ જે ઉમેદવારી પત્રો રદ કરવામાં આવશે તે રદ થયેલા ઉમેદવારી પત્રોની વિગત બીજે દિવસે સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.

૮. કોઇપણ ઉમેદવાર તેઓનું ઉમેદવારી પત્ર તા.૨૫/૦૫/૨૦૧૯ ના રોજ સુધીમાં પાછું ખેંચી શકશે. ઉમેદવારોનું આખરી લીસ્ટ તા.૨૫/૦૫/૨૦૧૯ ના રોજ સાંજે ૫-૩૦ વાગ્યે નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવશે.

૯.. ચુંટણીની તારીખ ૦૯/૦૬/૨૦૧૯ નક્કી કરવામાં આવેલ છે. અને તે દિવસે સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ સુધીના સમય દરમિયાન વોટ બાય બેલેટથી ચુંટણીની પ્રક્રિયા કરવામાં આવશે.

૧૦. ચુંટણીનું સ્થળ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની ઓફિસનું પ્રીમાઇસીસ કોમર્સ કોલેજ છ રસ્તા પાસે નવરંગપુરામાં આવેલું છે તે સ્થળ નક્કી કરવામાં આવેલું છે.

૧૧. ચુંટણીની કાર્યવાહી માટે સોસાયટીના પ્રમુખશ્રી, સોસાયટીના સભ્યોમાંથી બે સભ્યોને સ્ક્રુટીનીયર તરીકે નીમશે.

૧૨. (એ) મત આપનાર વ્યક્તિગત સભ્યે તેઓની આઇડેન્ટીટી માટે આઘારકાર્ડની ઝેરોક્ષ નકલ, ઇલેકશન કાર્ડની ઝેરોક્ષ નકલ અગર ફોટો પાન કાર્ડની ઝેરોઝ નકલ અગર ડ્રાઇવીંગ લાયસન્સની ઝેરોક્ષ નકલ અગર પાસપોર્ટની ઝેરોક્ષ નકલ સાથે આવવાનું રહેશે.

(બી) મત આપનાર વ્યક્તિ ભાગીદારી પેઢીમાંથી આવતા હોય તો બધા જ ભાગીદારોએ ઠરાવ કરી જે ભાગીદારને મત આપવાનો અધિકાર આપેલ હોય તેવા ઠરાવ કે પાવર ઓફ એટર્નીની નકલ સાથે તેમની પોતાની આઇડેન્ટીટી માટે ઉપર (એ) માં જણાવ્યા મુજબના પુરાવા લાવવાના રહેશે.

(સી) એસોશીયેશન વતી આવનાર વ્યક્તિએ પણ ઓથોરીટી લેટર્સ સહિત પોતાની આઇડેન્ટીટી માટે ઉપર (એ)માં જણાવ્યા મુજબના પુરાવા લાવવાના રહેશે.

(ડી) કંપની વતી આવનાર વ્યક્તિએ પણ કંપનીનો ઓથોરીટી લેટર લઇને આવવાનું રહેશે તથા પોતાની આઇડેન્ટીટી માટે ઉપર (એ)માં જણાવ્યા મુજબના પુરાવા લાવવાના રહેશે.

(ઇ) ટ્રસ્ટો વતી આવનાર વ્યક્તિએ ટ્રસ્ટના ઠરાવની નકલ લઇને આવવાનું રહેશે તથા પોતાની આઇડેન્ટીટી માટે ઉપર (એ)માં જણાવ્યા મુજબના પુરાવા લાવવાના રહેશે.

૧૩. (અ) ચુંટણીનો સમય પુરો થયા બાદ તુર્તજ મત ગણતરીનું કામ શરૂ કરવામાં આવશે અને મત ગણતરીનું કામ પુરૂ થાય ત્યાં સુધી તે કામગીરી સળંગ રીતે ચલાવવામાં આવશે.
(બ) મત ગણતરીની કાર્યવાહી જે રૂમમાં કરવામાં આવશે તે રૂમમાં ઉમેદવારો હાજર રહી શકશે.

૧૪. પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી બાબત

૧૪.૧ તારીખ ૦૨/૦૫/૨૦૧૯ ના રોજ નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ સુધારા વધારા સાથેનું આખરી ઈલેક્ટ્રોરલ રોલ સોસાયટીના પ્રમુખ અને ઉપપ્રમુખ માટેની ચૂંટણી માટે પણ આખરી ગણાશે.

૧૪.૨ પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણીની તારીખ ૦૯/૦૬/૨૦૧૯ નક્કી કરવામાં આવેલ છે. અને તે દિવસે સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ સુધીના સમય દરમિયાન વોટ બાય બેલેટથી ચુંટણીની પ્રક્રિયા કરવામાં આવશે.

૧૪.૩. જે સભ્ય પ્રમુખ / ઉપપ્રમુખ તરીકેનું ઉમેદવારી પત્ર ભરવા માગતા હોય તેઓએ ઉમેદવારી માટેનું ફોર્મ સોસાયટીની ઓફીસ ઉપરથી ચાલુ દિવસે સવારે ૧૨-૦૦ થી ૫-૦૦ ના સમય દરમ્યાન તારીખ ૦૭/૦૫/૨૦૧૯ પછી લઇ જવાના રહેશે. અને તેવા ઉમેદવારો ફોર્મ તેઓએ સોસાયટીની ઓફીસમાં ચાલુ દિવસે સવારે ૧૨-૦૦ થી ૫-૦૦ ના સમય દરમીયાન તારીખ ૧૭/૦૫/૨૦૧૯ સુધીમાં રજુ કરવાના રહેશે. અને તારીખ ૧૭/૦૫/૨૦૧૯ ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યા પછી કોઇ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. ઉમેદવારી ફોર્મ ભરનાર વ્યક્તિએ તેની સાથે યોગ્ય પુરાવા સાથે તેઓની આઇન્ડેટીટી માટેના આઘાર કાર્ડની ઝેરોક્ષ કોપી, ઇલેકશન કાર્ડની ઝેરોક્ષ કોપી અગર ફોટો પાનકાર્ડની ઝેરોક્ષ કોપી અગર ડ્રાઇવીંગ લાઇસન્સની ઝેરોક્ષ કોપી અગર પાસપોર્ટની ઝેરોક્ષ કોપી રજુ કરવાના રહેશે.

૧૪.૪ તારીખ ૧૭/૦૫/૨૦૧૯ ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યા સુધી જે ઉમેદવારી પત્રો યોગ્ય પુરાવા સાથે આવેલા હોય તેની સ્કુટીની પ્રમુખ તેજ દિવસે સાંજે૬-૩૦ વાગે કરશે, અને તે સમયે જે ઉમેદવારો તથા તેઓના પ્રપોઝરો તથા સેકન્ડરોને હાજર રહેવું હોય તો તેવા ઉમેદવારો તથા પ્રપોઝરો અને સેકન્ડરો હાજર રહી શકશે અને તેવા હાજર ઉમેદવારો તથા પ્રપોઝરો અને સેકન્ડરોની હાજરીમાં ઉમેદવારી પત્રોની સ્કુટીની સોસાયટીના પ્રમુખ કરશે તે વખતે તેવા ઉમેદવારો અગર પ્રપોઝરો તથા સેકન્ડરો અંગે પ્રમુખ જે ફોર્મ રદ કરવાનું વિચારતાં હોય તે વિરૂધ્ધ તેઓની રજુઆત કરી શકશે. પ્રમુખ તેવી રજુઆત ગણતરીમાં લેશે અને ત્યારબાદ પ્રમુખ જે નિર્ણય લેશે તે છેવટનો ગણાશે. પ્રમુખના નિર્ણય મુજબ જે ઉમેદવારી પત્રો રદ કરવામાં આવશે તે ઉમેદવારી પત્રોની વિગત બીજા દિવસે સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.

૧૪.૫. કોઇપણ ઉમેદવાર તેઓનું ઉમેદવારી પત્ર તારીખ ૨૫/૦૫/૨૦૧૯ ના રોજ સુધીમાં પાછુ ખેંચી શકશે. ઉમેદવારોનું આખરી લીસ્ટ તા.૨૫/૦૫/૨૦૧૯ ના રોજ સાંજે ૫-૩૦ વાગ્યે નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવશે.

૧૪.૬. ચુંટણીનું સ્થળ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની ઓફિસનું પ્રીમાઇસીસ કોમર્સ કોલેજ છ રસ્તા પાસે નવરંગપુરામાં આવેલું છે તે સ્થળ નક્કી કરવામાં આવેલું છે,

૧૪.૭. ચુંટણીની કાર્યવાહી માટે સોસાયટીના પ્રમુખશ્રી, સોસાયટીના સભ્યોમાંથી બે સભ્યોને સ્ક્રુટીનીયર તરીકે નીમશે.

૧૪.૮. આ માટે મુંબઈમાં રહેતા સભ્યોએ સામાન્ય સભામાં હાજર રહી પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણીમાં મતદાન કરવું હશે તો તેઓએ ઉપર જણાવેલ પેરા ૧૨ મુજબના પુરાવા રજુ કરવાના રહેશે અને તેઓ આ દિવસે યોજાનાર ટ્રસ્ટી, ગવર્નીંગ બોડી અને કાઉન્સીલના સભ્યોની ચુંટણીમાં પણ મતદાન અમદાવાદમાં કરી શકશે.

૧૪.૯ મત આપનાર સભ્યોએ તેઓની સાથે ઉપરના પેરા-૧૨ માં જણાવેલ મુજબ યોગ્ય પુરાવા સાથે લાવવાના રહેશે.

૧૪.૧૦. પ્રમુખ તથા ઉપપ્રમુખ માટેની ચુંટણીનો સમય પુરો થયા બાદ તુર્તજ મત ગણતરીનું કામ શરૂ કરવામાં આવશે અને મત ગણતરીનું કામ પુરૂ થાય ત્યાં સુધી તે કામગીરી સળંગ રીતે ચલાવવામાં આવશે.

૧૪.૧૧. મત ગણતરીની કાર્યવાહી જે રૂમમાં કરવામાં આવશે તે રૂમમાં ઉમેદવારો હાજર રહી શકશે.

૧૪.૧૨. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના સભ્યોની ખાસ સામાન્ય સભા તારીખ ૦૯/૦૬/૨૦૧૯ના રોજ સોસાયટીની ઓફીસના કેમ્પસમાં રાખવામાં આવશે અને તે સભાનો એજન્ડા સોસાયટીના પ્રમુખ તથા ઉપ-પ્રમુખ માટેની ચુંટણી તથા ઉપરોકત તમામ ચૂંટણીઓના પરિણામો જાહેર કરવા માટેનો રહેશે.

૧૫. સામાન્ય સભાનો સમય સવારે ૯-૩૦ થી સાંજના તમામ પરિણામો જાહેર થાય ત્યાં સુધીનો હોવાનું ગણાશે અત્રે સામાન્ય સભાની હાજરી માટે ઉપર પેરા-૧૨ માં જણાવ્યા મુજબની વિગતે આઇડેન્ટીટી માટે પ્રુફ લાવવાના રહેશે.

૧૬. તમામ ચૂંટણીના પરિણામો સોસાયટીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે અને તેની જાણ ઉમેદવારોને પણ આપવામાં આવશે.

તા.૨૫/૦૪/૨૦૧૯

સંજય લાલભાઇ
પ્રમુખ
અમદાવાદ એજ્યુકેશન સોસાયટી

ઓફિસ :- કોમર્સ છ રસ્તા પાસે, યુનિવર્સિટી રોડ,
નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯.